ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... સારો પોઝ આપો... આપણાં લોકોને અહી તમે બીજું શું કર્યુ... એના કરતાં... આમાં મજા આવશે...!!

# ૧૭ લાખ સાથે પિતા-પુત્રી ગુમ થયાની ઘટના હજુ રહસ્યમય

## સેક્ટર-૪માંથી પિતા-પુત્રી પાલજમાં કોઈ ભુવાને ત્યાં જવા નીકળ્યા હતા : પતિના મૃત્યુ બાદ વારસાની મિલ્કત, બહેનપણીની ભૂમિકા અને ભુવા પાસે જવાના કારણ એમ ત્રણેય દિશામાં તપાસ ચાલુ

ગાંધીનગર, તા. ૧૧

સઈજપુર બોઘા વિસ્તારના પિતા-પુત્રી સે. ૪માં રહેતી બહેનપણીના ઘરે બે દિવસ રોકાયા અને પુત્રી સરોજે આપેલા બે ચેક વટાવી રૂ. ૧૭ લાખ ઉપાડ્યા બાદ પાલજ ખાતે કોઈ ભુવાને ત્યાં જવાનું કહીને નીકળેલા પિતા-પુત્રી રૂ. ૧૭ લાખ સાથે લાપત્તા છે. બંનેના મોબાઈલ પણ બંધ છે અને પખવાડીયા બાદ પણ કોઈ જ પત્તો નથી. આ મામલો અત્યંત રહસ્યમય બની રહ્યો છે. સે. ૭ પોલીસે ઊંડી તપાસ શરૂ કરી છે. હાલ પોલીસ ત્રણ વિવિધ દિશાઓમાં તપાસ ચલાવી રહી છે.

સરોજના પહેલા પતિ સાથે છુટાછેડા થયા બાદ બીજા લગ્ન સરકારી પ્રેસમાં નોકરી કરતા કર્મચારી જયંતીભાઈ બડાલીયા સાથે થયા હતા. સરોજને પહેલા પતિ સાથેના લગ્ન ગાળામાં એક દીકરી છે. જે ૧૮ વર્ષની છે. અને બીજા લગ્ન જેની સાથે થયા હતા તે જયંતીભાઈને તેમની પ્રથમ પત્નિ સાથેના લગ્નજીવન કાળમાં એક દિકરો હતો. બીજા લગ્ન સરોજ સાથે કર્યા બાદ ગત વર્ષે જયંતીભાઈનું મૃત્યુ થયુ હતુ. જયંતીભાઈની વારસાની મિલ્કત કઈ કઈ છે ? તે દિશામાં ઉપરાંત પોલીસે સરોજ જ્યાં રોકાઈ હતી તે બહેનપણીની ભૂમિકા અને તે જ્યાં જવા નીકળ્યા હતા તે પાલજના ભુવા પાસે જવાના કારણ એમ ત્રણ દિશામાં તપાસ આરંભી છે. પિતા-પુત્રી ગુમ થયા બાદ બંનેના મોબાઈલ બંધ છે. કોલ ડીટેઈલ પણ નીલ આવી છે. લાસ્ટ લોકેશન પણ ગાંધીનગર હતુ. પાલજ ભુવાને ત્યાં તપાસ કરી તો તે બંને આવ્યા જ ન હોવાનું જાણવા મળ્યું છે. હવે પોલીસ સરોજનાં બેંક સ્ટેટમેન્ટ પર આધાર રાખીને બેઠી છે. રૂ. ૧૭ લાખ તેના ખાતામાં જમા થયા છે કે કેમ ? તેના પર તપાસનો આધાર છે. બહેનપણી રેખાના કહ્યા મુજબ તેણીએ સરોજને રૂપિયા આપી દીધા હતા અને તેનું લખાણ પણ કોરા કાગળ પર લખાવીને સરોજ પાસે સહી કરાવી છે. અને તે રૂપિયા તો ઘણા દિવસો પહેલા આપી દીધા હતા. જ્યારે સરોજના ભાઈનું કહેવું છે કે પિતા-પુત્રી સે. ૪માં રૂપિયા લેવા જવાનુ કહીને નીકળ્યા હતા..! પોલીસે તે દિશામાં પણ તપાસ આરંભી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર જિલ્લાના વધુ ૧૦ ગામોમાં આજે ગ્રામ સંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે.
- કલેકટર કચેરીમાં તેમજ પંચાયતમાં ધાબા પર આવેલી પાણીની ટાંકીઓની નિયમિત સફાઈ નહિ થતી હોવાની વાતનો ગણગણાટ બન્ને કચેરીઓમાં સાંભળવા મળ્યો હતો.
- વરસાદ અને અછતને લઈ આજે યોજાયેલી વિડીયો કોન્ફરન્સ રદ કરાઈ હતી.
- વરસાદના હળવા છાંટાથી આજે પાટનગરના રોડ ભીના થયા હતા પણ વાતાવરણમાં પલ્ટો ન આવતાં નગરજનો નિરાશ થયા હતા.
- ગાંધીનગર-અમદાવાદ અને ગાંધીનગર-સરખેજના ટ્રાફિકને લઈ એસ.ટી. તંત્ર પુનઃ સર્વે કરે અને પછી સર્વેના આધારે એસ.ટી.ના સમય-પત્રકમાં ફેરફારો કરે તેવી માંગણી તીવ્ર બની રહી છે.
- ગાંધીનગર જિલ્લામાં ગઈકાલે યોજાયેલ બે પેટા-ચૂંટણીની આજે યોજાનાર મતગણતરીને લઈ રાજકીય પક્ષોએ વિજયના દાવાઓ કરતા રાજકીય ઉત્સુકતા વધી જવા પામી છે.
- આજે જિલ્લા પંચાયત પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના ચેરમેનોની કોંગ્રેસના પ્રભારી ગુરૂદાસ કામતે બેઠક અમદાવાદ બોલાવી છે.

# જિલ્લામાં હવે ડિજીટલ વિલેજ બનાવવા કવાયત

## તંત્રએ ૧૦ અધિકારીઓની કમિટીની રચના કરી; બે માસમાં દરખાસ્ત તૈયાર કરવા રિપોર્ટ બનાવાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં હવે ડિજીટલ વિલેજ બનાવવા માટે તંત્રએ કમર કસી છે અને આ માટે નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત)ના અધ્યક્ષપદે ૧૦ સભ્યોની સમિતિની રચના કરી છે. હવે આ દિશામાં આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

સ્માર્ટ વિલેજ, આદર્શ ગામ બાદ હવે ડિજીટલ વિલેજ માટે તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગતિશીલ ગુજરાત અંતર્ગત અને ભારત સરકારના ૨/૧૬ના એક પત્રમાં અનુસંધાનમાં આ અંગેની કાર્યવાહી કરવા માટે સમિતિની રચના કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે આ સમિતિમાં જિલ્લાકક્ષાના અધિકારીઓ ઉપરાંત સંબંધિત તાલુકા વિકાસ અધિકારીઓ અને મામલતદારો સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ માટે પ્રાંત અધિકારીઓને નોડલ ઓફિસર તરીકેની જવાબદારી પણ સોંપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

આ ડિજીટલ વિલેજ માટેની દરખાસ્તને આખરી કરતાં પૂર્વે ગામના પ્રા.આ. કેન્દ્રમાં કેટલા ડૉક્ટરની ઘટ છે, પ્રા. શાળામાં કેટલા શિક્ષકોની ઘટ છે, કોમન સર્વિસ સેન્ટરની સુવિધા છે કે કેમ, ઈન્ટરનેટથી સ્થાયી લોકો માટે સ્કીમ ડેવલપમેન્ટ સેન્ટર છે કે કેમ ? ગામમાં એલઈડી લાઈટની સુવિધા તથા વાઈ-ફાઈ હોટ સ્પોર્ટ સહિતની બાબતોની ચકાસણી કરી વિગતવાર અહેવાલ તૈયાર કરવાનો રહેશે.

જિલ્લામાં હાલ ૩૦૦ ગામોમાં ઈ.ગ્રામ સેન્ટર કાર્યરત છે. જ્યાં આર.ઓ.આર. અને જીઈબીના બિલ કનેક્શન સેન્ટર, કિસાન પોર્ટલ તેમજ અપના સીએસસીની સેવાઓ ઉપલબ્ધ છે. જે ઉલ્લેખનીય છે.

બીજી તરફ જિલ્લાના ૩૮ જેટલા ગામોના ઈ.ગ્રામ સેન્ટરોના અપગ્રેડેશનને પણ મંજૂરી આપી દેવામાં આવી છે જે પણ ઉલ્લેખનીય છે. જિલ્લાતંત્ર આ બધી કામગીરી આગામી બે માસમાં પૂર્ણ કરી અને ડિજીટલ વિલેજ માટેની દરખાસ્ત તૈયાર કરશે તેમ પંચાયતના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું છે.



ડાંગર રોપણી : જિલ્લાના નદી પાર વિસ્તારમાં વરસાદના બે ઝાપટા પડતા ડાંગર રોપણીનું કામ પૂરજોશમાં આરંભાયું છે. જિલ્લામાં દહેગામ અને ચિલોડા વિસ્તારમાં ડાંગરનો પાક વ્યાપક પ્રમાણમાં લેવાય છે.

## નજીવી બાબતે રાયપુર ગામમાં લાકડીઓ ઉછળી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાના ડભોડા નજીક આવેલા રાયપુર ગામમાં ગઈ મોડી સાંજે બે પરિવાર વચ્ચે નજીવી બાબતે માથાકુટ થયા બાદ લાકડીઓ ઉછળી હતી. આ મામલે સામ સામે પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. લીલાબેન કાળાભાઈ ડાભીએ નોંધાવેલી ફરિયાદ મુજબ રાજુ રામા ઠાકોર, પીન્ટુ રાજુ ઠાકોર અને ચંદા રામા ઠાકોરે મારઝુડ કરી ગુનો કર્યો હતો તો બીજી તરફ રાજુ સમા ઠાકોરે નોંધાવેલી ફરિયાદ મુજબ દલપત કનુ ઠાકોર, નેની કનુ ઠાકોર અને લીલા કાળા ડાભીએ લાકડીઓ મારી હતી. બંને પક્ષે ફરિયાદ લઈ ડભોડા પોલીસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરુ કરી છે.

# જિલ્લા કક્ષાના કામો માટે ધારાસભ્યોને ૨૫-૨૫ લાખ આયોજન મંડળમાંથી ફળવાતાં રોષ ભભૂક્યો

## સરકારની વિકાસના કામો થાય નહિ તેવી નીતિ સામે પંચાયતના સભ્યોને વાંધો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા આયોજન મંડળમાં પણ જિલ્લાકક્ષાના કામો સૂચવવા માટે ધારાસભ્યોને રૂ. ૨૫-૨૫ લાખ ફાળવી આપવાના પ્રભારી મંત્રીના નિર્ણયને પગલે જિલ્લા પંચાયતના સભ્યોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

જિલ્લા આયોજન મંડળમાં રૂ. ૧.૫૦ કરોડના કામો જિલ્લા પંચાયત દ્વારા સૂચવવામાં આવતા હોય છે. આ કામો પંચાયતના સભ્યોને વિશ્વાસમાં લઈ સુચવાતા હોય છે પરંતુ આ વખતે જિલ્લા આયોજન મંડળની બેઠકમાં ધારાસભ્યોએ કરેલા વિરોધને પગલે પ્રભારી મંત્રીએ તાલુકા દીઠ રૂ. ૨૫ લાખના કામો સૂચવવા જણાવ્યુ અને તેની મંજૂરી ઝડપથી મળી રહે તે માટે કલેક્ટરને સત્તા આપતાં આ મામલે પંચાયતના સભ્યોમાં નારાજગી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં વિધાનસભાની બે બેઠકો હોવાથી બન્ને ધારાસભ્યોને ભાગ રૂ. ૧૨.૫૦ને ૧૨.૫૦ લાખ આવ્યા છે. આથી આ બન્ને ધારાસભ્યોને પણ કામો સૂચવવા સામે કાર્યકરોમાં દુઃખની લાગણી ઉભી થાય તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

બીજી તરફ પંચાયતના સભ્યોનું કહેવું છે કે ધારાસભ્યોને સરકાર તેમના વિસ્તારમાં વિકાસના કામો માટે વર્ષે રૂ. ૫૦ લાખ આપે છે તો હવે પછી આમાં તેઓ દખલ કરી રાજકીય વિવાદો ઉભા કરી શું કરવા માંગે છે. જિલ્લામાં આયોજન મંડળની બેઠક પણ ત્રણ મહિનાના વિલંબ બાદ મળી અને હવે ચોમાસુ આવતાં કામો થશે નહિ. જિલ્લામાં વિકાસના કામો થાય નહિ તેવી પ્રભારીમંત્રીની નીતિ છે અને એટલે જ હવે તેમની પાસે નવા કામો માગ્યા છે.

જિલ્લામાં રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી પણ વિકાસના કામો હાથ ધરવાની મંજૂરી સરકાર આપતી

● અનુસંધાન પાના - ૭ પર

## કબડ્ડીમાં મહર્ષિ અત્રિ શાળાના વિદ્યાર્થીઓ વિજેતા

ગાંધીનગર, તા.૧૧

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ કબડ્ડી અંડર-૧૪ અને અંડર-૧૭ની સીટ લેવલની સ્પર્ધામાં વિજેતા બન્યા છે. જીઆઈપીએસ રાંધેજા ખાતે કબડ્ડી અંડર-૧૪ અને અંડર-૧૭ની સીટ લેવલની સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના અંડર-૧૪ ટીમમાં યશ પટેલ, હેત પટેલ, યશ ઠુંમર, વેદ પટેલ, જનક ચારડિયા, ક્રિપાલ પટેલ, પાર્થ પટેલ, તિર્થ પટેલ વિજેતા બન્યા હતા તેમજ અંડર-૧૭માં રામ પટેલ, નયન બાવરવા, પાર્થ સોલંકી, રોનક જાદવ, શ્વેત પટેલ, હિત પટેલ, દર્શન ઠુંમર, પાર્થ ચૌધરી વિજેતા બન્યા હતા. શાળાની બંને ટીમોએ વિજેતા બની શાળાનું ગૌરવ વધાર્યું હતું.



રખડતા ઢોર પકડ્યા : શહેરમાં ચોમાસાના આરંભની સાથે જ રખડતા ઢોરની સમસ્યા ઘેરી બને છે. દબાણ - ગંદકીની સાથોસાથ રખડતા ઢોરનો પ્રશ્ન પણ શહેર માટે શીરદર્દ છે. મહાનગરપાલિકાના તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી ઢોર પકડવાની ઝૂંબેશ વેગવંતી બનાવી છે.

# જિલ્લાને હરિયાળો બનાવવા માટે પ્રાથમિક શાળાના બાળકોને સક્રિય કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

ગ્રીન ગાંધીનગર બનાવવા માટે હવે પ્રાથમિક શાળાના બાળકોને સક્રિય કરવામાં આવશે. જે માટે શાળાનો કયો બાળક કયુ વૃક્ષ વાવશે તેનો ડિમાન્ડ સર્વે હાથ ધરવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લો હરિયાળો બનાવવા માટે દૂધ મંડળીઓ દ્વારા વિદ્યાર્થીઓના ડિમાન્ડ સર્વે અનુસાર રોપાઓ પુરા પાડશે. આ માટેના ડિમાન્ડ સર્વેનું કામ પણ એક સપ્તાહમાં જ પુરૂ કરી મોકલી આપવા માટે શિક્ષણ સમિતિએ કરેલા પરિપત્રમાં જણાવાયું છે.

જિલ્લામાં વૃક્ષ વાવેતર વધે અને હરિયાળો જિલ્લો બને તે માટે હવે પ્રાથમિક શાળાના બાળકોને સક્રિય કરવામાં આવશે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બાળક ક્યાં વૃક્ષ વાવશે, પછી તેનું જતન કરશે અને શિક્ષકો દ્વારા તેનું મોનીટરીંગ કરાશે તેવી આખી વ્યુરચના તૈયાર કરવામાં આવી છે.

● અનુસંધાન પાના - ૭ પર

## વિ કેર દ્વારા યોગ અને કર્મયોગનો સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

વિ કેર ફાઉન્ડેશન દ્વારા લોક નિકેતન રતનપુર, વિરમપુર અને બનાસકાંઠાના અંતરીયાળ વિસ્તારમાં પ્રાયમરી, માધ્યમિક અને કોલેજના વિદ્યાર્થીઓ, સ્ટાફ શિક્ષક અને પ્રોફેસર માટે ચાર દિવસનો યોગ અને કર્મયોગ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આસન, પ્રાણાયામ અને ધ્યાન દ્વારા શિક્ષણ, સંસ્કાર અને સ્વાસ્થ્યમાં કઈ રીતે હકારાત્મક પરિણામ લાવી શકાય તેનું નિદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત યાદશકિત સ્કીલ અને પર્સનાલીટી ડેવલપમેન્ટના વિષે યોગ્ય માર્ગદર્શન પુરુંપાડવામાંઆવ્યુંહતું. સમગ્ર સેમિનારનુંસમગ્રસંચાલન જેઠાલાલ પટેલ દ્વારા કરવામાં આવ્યુંહતું.

# અહો આશ્ચર્યમ્..!! ગાંધીનગરમાં ત્રણ માળનું આખેઆખુ મકાન જેક લગાડી ઊંચુ કરાયું..!!!

## સે. ૨૪ના અંબિકા ચોક વિસ્તારમાં મકાનને જમીનથી ઊંચુ લેવાની કામગીરી નિહાળવા જીજ્ઞાસુઓ ઉમટ્યાં : ૧૫૦થી વધુ જેક લગાડી મકાનને ઊંચુ કરાયું છે : જુનુ મકાન તોડી નવું બાંધવા કરતા ત્રીજા ભાગના ખર્ચમાં અને માત્ર બે માસના સમયમાં કામ સંપૂર્ણ થશે

ગાંધીનગર, તા. ૧૧

કોઈ ગાડીને પંક્ચર પડે એટલે તેનું ટાયર ખોલવા માટે તેને જેક લગાડી ઊંચુ કરાય તે તો બહુ સામાન્ય વાત છે પરંતુ ત્રણ માળના આખેઆખા મકાનને જેક લગાડી ઊંચુ કરવાની વાત કોઈ કરે તો તે



માની શકાય ?? ગાંધીનગરમાં આ પણ શક્ય બન્યું છે. શહેરના ઈતિહાસમાં પહેલીવાર ત્રણ માળના એક મકાનને ૧૫૦થી વધુ જેક લગાડી જમીનથી દોઢ ફૂટ જેટલું ઊંચુ કરવામાં આવ્યું છે. અને તેને ત્રણ ફૂટ સુધી ઊંચુ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. સેક્ટર-૨૪ના અંબિકાચોકના ગીચ તથા ભરચક વિસ્તારમાં હાથ ધરાયેલ આ પ્રક્રિયા નિહાળવા શહેરના કન્સ્ટ્રક્શનના નિષ્ણાંતો સહિત અનેક જીજ્ઞાસુઓ ઉમટી રહ્યાં છે.

શહેરના સેક્ટરોમાં આંતરિક માર્ગો પર વખતો વખત પુરાણ થવાથી અને તેની ઉપર નવા માર્ગો બનવાથી રહેણાંકના મુળ મકાનોના સ્તરથી આસપાસની જમીનનું સ્તર ઊંચુ આવી જવા પામ્યું છે. આ કારણે નીચા સ્તરવાળા મકાનોમાં વરસાદી પાણી ઘુસવા સહિતના અનેક પ્રશ્નો ઉદ્‌ભવે છે. આ સમસ્યાથી છુટકારો મેળવવા અનેક રહીશો લાખો રૂપિયાના ખર્ચે જુના મકાનો તોડી તેના સ્થાને ઊંચા સ્તરે નવા મકાન બંધાવે છે. જો કે હવે નવી ટેકનોલોજીના કારણે માત્ર પોતાનું મકાનનું લેવલ ઊંચુ કરવા માંગતા રહીશોને નવા મકાનના ત્રીજા ભાગના ખર્ચમાં જ આ સમસ્યાનો ઉકેલ મેળવી શકાશે.

સેક્ટર-૨૪માં શ્રીનગર સોસાયટીમાં ૫૬/૨૪૫ નંબરનું હાઉસીંગ બોર્ડનું મકાન આવેલું છે. આ મકાનના માલિક દશરથભાઈ પારેખે અગાઉ તેને રીનોવેટ કરાવી ઉપર બે માળ બંધાવ્યા હતા. આ મકાનનું ભોંયતળિયુ જે પહેલા જમીનથી બે પગથીયા ઊંચુ હતુ તે સમયાંતરે થયેલા પુરાણોને કારણે હાલ બે પગથીયા જેટલુ નીચુ થઈ જવા પામ્યુ છે. આ કારણે મકાનમાં વરસાદી પાણી ઘુસી જવાની સમસ્યા દર ચોમાસે સર્જાવા લાગી હતી.

### ...તો અમારા ખર્ચે નવું મકાન બાંધી આપીએ

ગુજરાતમાં ૨૦૦ જેટલા મકાનોને જેક લગાડી ઊંચા કરવાનું કાર્ય કરનાર ગુરૂકૃપા કન્સ્ટ્રક્શનને લીમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળી ચુક્યું છે. તેઓ મકાનને ઊંચુ કરવા ઉપરાંત સ્થાન ફેર પણ કરી શકે છે. એક મકાન જમીનથી ૧૧.૫ ફૂટ જેટલુ ઊંચુ લઈ શકવા સક્ષમ છે. જેક પર ચડાવેલ કમાનની કામગીરી દરમ્યાન ભૂકંપ આવે તો પણ તેને ઊની આંચ નહી આવવાની ગેરંટી આપતા કંપનીના પાર્ટનર મુકેશભાઈએ જણાવ્યું હતું કે અમારી કામગીરી દરમ્યાન જો મકાનને કોઈ મેજર નુકસાન થાય કે પડી જાય તો અમે અમારા ખર્ચે પાર્ટીને નવુ મકાન બાંધી આપવાની લેખિત ગેરંટી આપીએ છીએ. આ ટેકનોલોજીથી ગ્રાહકના સમય અને પૈસા બંનેની બચત થાય છે.

અંતે મકાન માલિકે આ સમસ્યાથી છુટકારો મેળવવા પોતાના મકાનનું સ્તર ઊંચુ લેવા નિર્ણય લીધો અને અંદાજ કઢાવ્યો તો ઊંચા સ્તરે નવું મકાન બાંધવાનો ખર્ચ આશરે ૧૫ થી ૧૭ લાખનો આવતો હતો. અંબિકા હેર સ્ટાઈલના નામે હેર કટિંગ સલૂનનો ધંધો કરતા દશરથભાઈ જેવા મધ્યમવર્ગીય વેપારી માટે આ ખર્ચ ખૂબ મોટો લાગતા તેમણે અન્ય વિકલ્પની શોધ આદરી જેમાં તેમનો ભેટો અમદાવાદની ગુરૂકૃપા કન્સ્ટ્રક્શન કંપની સાથે થયો. તેમને જાણવા મળ્યું કે આ કંપની જેક લગાડી મકાન ઊંચુ કરી આપે છે. તેથી સંપર્ક કરી તમામ વિગતો જાણી અંદાજ કઢાવ્યો. લગભગ કુલ સાડા ચારથી પાંચ લાખના ખર્ચમાં આજ મકાન જમીનથી ત્રણેક ફૂટ ઊંચુ લઈ શકાશે. વળી, મકાનના નવા પાયા બનવાને કારણે પહેલા કરતા વધુ મજબૂત બનશે જેથી તેનું આયુષ્ય પણ વધી જશે અને નવું મકાન બનાવવાના





દોઢ વર્ષના સમયની સરખામણીએ માત્ર બે જ મહિનામાં આ જ મકાનનું કામ પૂર્ણ થઈ જશે. અંતે આ મકાનને ઊંચુ લેવાનું કામ ચાલુ કરી દેવાયું છે અને છેલ્લા દસેક દિવસના કાર્યમાં આ મકાન દોઢેક ફૂટ જેટલું ઊંચુ લઈ જવાયું છે. આ કામ માટે ૧૫૦થી વધુ જેકનો ઉપયોગ કરાયો છે. જેક પર ઊંચુ કરાયેલ મકાનને જોવા શહેરના કન્સ્ટ્રક્શન ક્ષેત્રના નિષ્ણાંતો તથા અન્ય જીજ્ઞાસુઓ પણ અંહી મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે.